
પ્રજાપોકાર.

શુધ ગુજરાતી ભાષાથી

રચનાર

શાહગારહુરથ ભાટીઆ.



આ ચોપડી સને ૧૮૬૦ ૨૫ મા કાયદા પ્રમાણે
સરકારમાં રેજીસ્ટર કર ીછે માટે એના ધણી
ના હોકમ વગર બી કોઈએ છાપવી નહી.

મુંબઈ મધ્યે

વરતમાંન છાપખાનામાં છાપી.

સને ૧૮૭૪. કીમત રૂ ૦ ૧

गुजरात विद्यापीठ ग्रंथालय
(गुजरात कोपीराईट विभाग)

૫૭૫


अनुक्रमांक किंमत

ग्रंथनाम ટૂથપાઉડર

वर्गांक

૬૯૫

ઇશ્વર પ્રાર્થના.



મોતીદામ છંદ.

અહો વરદાયક બાં ક દેવ,
કરું તુજ આદિ નિરંજન શિવ;
અરાધિય આતમ અવિકાર,
હરો મુજ દેશતણા દુખ માર. ૧.

નથી શુખ દેશ વિષે લવ લેશ,
પટાબટ માંય ભરાંયું કલેશ;
દિશા દિશ થઈ રહ્યા પોક પોકાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૨.

વધી ગયું વાતનું વાદવિવાદ,
નથી શંભળાતિજ કોયનિ દાદ;
પ્રજા શદના કરિજાય વિચાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૩.

પ્રજા તણ પાપડ જેમ ભુંજ
પડેપડિ રાજને રંકનિ હાય,
કૂટી કુટિ થાકી થયા જન ક્ષાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૪.
શુણાયન વિત્ય વિન્યા કઇ વાત,
ખરો ઇનશાફ દે રોકડ માત;
રમી રહ્યં ક્રો[illegible] ઉમા કારભાર,
હરો મુજ દેશ [illegible]ણા દુખ માર. ૫
ઘમોઘમ માંડિ[illegible] રહ્યા ગમસાણ,
મલ્યા સહુ મૂ[illegible]ખ ભુત મશાણ:
નથી નર કોય[illegible] શત્ય વિચાર,
હરો મુજ દેશ [illegible]ણા દુખ માર. ૬.
અરે યમનીકરશો નઇઆર,
હવે ભવતારણ તુ ચડવાર;
કૃપાકરિ એશહુ [illegible] નિવાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૭.
ભણી ભણિ ભાટિ ભણે ભગ વાન,
પ્રજા પતિના કરકો ટિક્કાન;
સુણે શુભ છંદ સજે દિલસાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૮.

હરીગીત છંદ.

ધંધમ્યા ડુંગર દેશના, આકાશ આખી પરજળ્યો;
પૃથ્વી મલી પાતાળ, ધુંધાકાર અતિ નભમાં ઢળ્યો.
ઊગ્યોજ ભાનૂ પશ્ચિમે, થઈ શતખંધ તારાની ગતી,
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૧.
આગર ભરાયો [illegible], [illegible] ચાલી શોકની;
વરસાદ વરસ્યો લોહિનો, થઈ હાણ લોકો થોકની;
ધરતી વઈગઈ વેગમાં, ગઈ[illegible] પ્રલય કાલે હતી;
વિનાશ કાળે જાંણવી, વિપ[illegible] માનવિની મતી. ૨.
ભવને ભવન ભમરા ભર્યાં સ્તેજ રેલ [illegible];
આકાશ રમિયો રાજમાં ન[illegible]જ સહુ ઊ.
સુપડાવિ શાણા લોકને, [illegible]ળાવિને માર્યા અતી;
વિનાશ કાળે જાંણવી, [illegible]પરિત માનવિની મતી. ૩.
વિખથી ભરાઇ ઝાડી, શીકૂપ કંકાસે ભર્યા;
જ્યાં દૂશની ધુંખાર માં, જન પ્રાણ લઈને પરહર્યાં.
ત્યાં કુકર્મોના કોટ મોટા, કપટની ખાણો અતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૪.

જયા જળ હતૂં ત્યાં સ્થળ થયૂં, સ્થળની જગોમાં જળ ગયૂં;
જ્યાં રણ હતૂં ત્યાં વસ્તિ ગઈ, વસ્તી હતી ત્યાં રણ થયૂં:
દુખમાંજ દેશ દુખાવિયો, સુણતાંજ ઉપજે આવૃતી.
વિનાશ કાલે જાંણવી, વિપરિત માનવિની મતી. ૫.
વનવૃક્ષ સહુ વેરી થયાં, ફળફૂલ અંગારા ખરે;
ફુમડાળ પત્રે વીજલી પડિ, સઘન વન શળશળ બરે.
લેજે હવે સંભાળ શ્રી ... ના કારણ ... સૂટી પતી;
વિનાશ કાળે જાંણવી વિપરિત માનવિની મતી. ૬.
પ્રભુ જીવ જીવ્યા જનને આપી, યવન હાથે સોપિયા;
બલ બાંધિ બેઠા બુદ્ધિ હીણા, અધિક અમપર કોપિયા.
કહો કેમ એથી ઊગરે, ત્યાં પોચશે કોની ગતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૭.
ઇન્સાફ ખાતૂં અધ જોયૂં, કાયદા કોડી ભરા;
પરલોજ ઊપર ધંધ તેનાં, અર્થ પોતાના ખરા.
એવી તરેની રાજધાણી, ... ત કયાં દીઠી હતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૮.



રાગ પરજ.

શેઠ શાગડશા શાધુને શંવે (એ રાગ.)

અરેરે દેશડો દાગ્યો રે દેશમાં દાવાનડ લાગ્યો રે ટે.
દાવાનળ લાગ્યો, ને ભ્રમશ જાગ્યો,

દાડાની થઇ ગઇ રાત;
પુરના સિપાયો, પુરને રે લૂટે
સાંભળે કોયન દાદ; અરેરે૦ ૧

ધોળે દાડે નિત, ધાડપાડે ધાડ,
પોતે ધોરી ધુકાર;
માજન લોકના, અંન ધન આબરૂ,
લુંટે રાજ દરબાર અરેરે૦ ૨.

ધડધડી તાંબાનિ ગેડિ લંબોળા,
વાગીઆ વેરી નીશાણુ;
રાજપે લશકર, પુરપર ફેર્યાં,
ગાજી રયો ગમ સાગુ. અરેરે૦ ૩.

ભૂંગળ ભેરીને, જુગલો વાગે,
થાએ તૂરીના નાદ;
નશુર કુંમર, લક્ષણ ભૂંડા,
ખુલી તરવારો હાથ. અરેરે૦ ૪.

પલટનો પેદલ પાર વિનાના,
અણ શમજુ અશવાર
નાજા કરી તેને, વસ્તી પરવાર્યા,
મારો માજનને માર. અરેરે૦ ૫.

નાશે હથીઆરે, નગ્રમાં પેઠા,
કોઈન કોયને જાણ;
આબરૂ દારેને, ઓચીતા પકડયા
મારી મારી કાઢયા ગાણ. અરેરે૦ ૬.

કેટોને હોઠ હલાવતાં પ્રાર્યા,
કેટોને ચાલતાં ચાલ;
મુસાફે બાંધી મોલાતમાં લઈ ગયા,
કીધા ઘણા બે હાલ. અરેરે૦ ૭

ગાડાંભરી જંજીરના લાવ્યા,
કીધા બધાને કેદ;
રાજીનામું લેવા રોકી રાખ્યા શઊને,
ભૂખે માર્યા રાખી ખેદ. અરેરે૦ ૮

માહાજન જોઈ મુંજવણે પડયો હવે,
કરીએ ને કેવો ઊપાય;
જંગલમી જુલમ જોરથી જોયા,
લોક કરે હાય હાય. અરેરે૦ ૯.

કેટોયે મંદીર માંડીને મેલીઆં
મેલ્યા ચણાવી માળ;
દેશના દુખથી દાજી મુઆ જન,
નાશી થયા તરપાર. અરેરે૦ ૧૦.

કોકોય કોટિઆ કાંડે ચઢાવિઆ,
મેલ્યા મડામાં વાણ;
ગામ ગિરાશ તમામ તજ્યા જંન.
દેશ કર્યા વેરાણ. આરેરે૦ ૧૧.
કોઈ કોરીના કારભારી જેનિ,
રાવણથી બદરીત;
સત્ય અસત્ય વીચાર નહીં [illegible]ના,
પઇશા પોચે તેની જીત, આરેરે૦ ૧૨.

રાગ જો[illegible]ગીનો.

ત્ર[illegible]ળ.

ઢાડ બા[illegible] મારીનો.

શબ્બી આવીલા કારકુન મ[illegible]કે કંથસુધારીઆ (એ રાગનો)

જાઓ જાઓ રે ઉડી[illegible] કાશીદ, જડપથી જાજોરે,
જઇ દેવ લોકની મા[illegible], વિશામા બાજોરે. ૧.
મારા દેશના દુખની વાત, દેશોતને કેજોરે,
કરી શોશો વાર શલામ, શંદેશા દેજોરે. ૨.
તારા દેશમા પડીઓ [illegible]ાખ, જનો શઉ દાજેરે,
મોટા દઇતો તણારે દમામ, નગરમા ગાજેરે. ૩.

કુડા કારભારી ઓની કાસુ, અંનીતી ભારીરે,
કોય જંપીન બેશે જીવ, રડે નર નારી રે. ૪.
પાની ચોવટે લાચો ખ્યાખ્ય રડાવે સોકોરે,
પડે ધ્રુશકે ધ્રુશકે હાય પ્રજામા પોકોરે. ૫.
રૂડા લાખ્યો લાખીણા લોક પીડા બઉ પામેરે,
તે રંચન માને રાય જુએ નઇ શામેરે. ૬.
રડે દેશ રડે પર દેશ રૂ પરદેશીરે,
રડે ચોવટા હાટ વખાર રડે મારા દેશીરે. ૭.
રડે પલવભાર અઢાર રડે વન માડીરે,
પડયો શોકનો ટાડો દુકાલ રડે રે બારીરે. ૮.
કોય શાચી નશા ભજે વાત, પક્ષની તાણે રે,
માંગે મુલે જડે ઇનશાક ાકડે નાણે રે. ૯.
જનનાશી થયા તરપાર સુયા ગરવાશીરે,
કોય રશ્યા અનાડી અજાણ અગોરી ઉદાશીરે. ૧૦.
નાઠો માધાણીનો મોર ભીમાજી ભાગારે,
મરી સુતા માજનના મંત કંકાસમા દાજયારે. ૧૧.



શડોકો.

પ્રારંભે ગવરી સુતના ગુણ ગાઉ,
શમરી શડોકો જુલમીનો ગાઉ. ૧.

શાગ બજારમાં શુંદર વર શાંભે,
ઘોરે બપોરે જુલમ જાંમે. ૨.

જુલમ જાસમી જબરો કેવાએ,
એવો બાજો નહિ જગતમાં થાએ. ૩.

ઘોરી ધુકારે પડેછે પોક,
ઉભા જુએછે લોકોના થોક. ૪.

જોતા જનોને કૌતક થાય,
બોજી બાણીયુ ભરવાને જાએ. ૫.

વાંકે અંબોડે બેડલુ માથે,
લટકે પીતરનુ કરશીયુ હાથે. ૬.

આંખે અણીઆરી ભાએરા શોહોએ.
રૂપ રંભાથી વીશેશ શોભે. ૭.

ચત તરછાલે તરૂણી તણુ,
હેમ ચાંચાના અંગે આભ્રણુ. ૮.

પારો જરમરને બજુરહાર,
તુલશી ત્રાટીને ત્રાકોટાં શાર. ૯.

અતી ઓઢણે શુભશા ગાજે,
પગમા કાંબીને કડલાવાજે. ૧૦.

ચાલે ચોકીને ઝમકતી ચાલ,
ફુલગુલાબના જેવા ગાલ. ૧૧.

એવી આવતી વીજળી જેવી,
દીઠી ઠગુલસીએ ઉપરથી તેવી. ૧૨.

કારભારીએ ભાજીને દેખી,
કોરી શાનાની ઉપરથી ફેંકી. ૧૩.

અબળા જાણે નહ કપટીની રીતી.
દીઠી કોરીને બંમાણી પ્રતી. ૧૪.

બેઠું થોભીને ઉપાડી કોરી,
મનમાં હરખી ગઈ ભાજાની છોરી. ૧૫.
મુખે મુશકાતી આવતી જાએ,
માતી જોબણે મસ્ત માય. ૧૬.
એવું જોઈને શપાઈ ઉઠે,
ઊઠીને લાગો અબળાની પુંઠે. ૧૭.
આવી ઓચીતુ હાથજ જાલ્યો,
બેઠુ જોટીને શપાઈ ચાલ્યો. ૧૮.
ભાજી થરથરથર કંપવા લાગી,
આતો ઉલટી વેદના જાગી. ૧૯.
મારે કામશુ આવશે કોરી,
લાજ લુટેછે દરાર ઘોરી. ૨૦.
ફગવી કોરીને ઉભીજ રહી,
આંખે આંશુની ધારજ વહી. ૨૧.

મુજ રંકને શીધને શંતાપો,
આલ્યો કોરીને બેડલુ આપો. ૨૨.

હું તો લાજુછુ ભરી ભજાર,
ઉભા લોકોના થોકો ચોમાર. ૨૩.

મારૂ વાંકશુ વિચ્યારો વાત,
બેડુ મુજને આપોનિ બ્રાત. ૨૪.

શુણતાં શપાઇ છાકટો થયો,
હજી પણ તારો હઠ ન ગયો. ૨૫.

હુકમ પડ્યો શું અમારે હાથે,
ખાજા ઘણાછે અમારી માથે. ૨૬.

ચાલો તે પાશે ઉભાજ થાઓ,
કોરી આપીને બેડુ લઇ જાઓ. ૨૭.

પ્રથા વાતને શીધ વિચારો,
ખોટા વિચારો મનમાં ધારો. ૨૮.

આવો અંદરથી બેડુ લઇ જાઓ,
ધીમાં રાખીને ધીરમા ખાઓ. ૨૯.

શમજી શત્યને અબળા થૈ કાલી,
મરડી વાંકુને ચમકતી ચાલી. ૩૦.

અંદર લઇ ગયાને દાદર ચડી,
ટાડી વાગીને હાકલ પડી. ૩૧.

ગરબી.

સુંદર શ્રી ગોકુલ ગામરે. બેહારી શાંમ. (એ રાગ.)

દેશમાય પાછા પધારો રે. બેહારી લાલ. ૧
દેશડાના માંનજ્યા સુધારોરે. બે૦ ૨
રાખીએ તમારી આશરે. બે૦ ૩
આતુર મેગ પિઆશરે. બે૦ ૪
તનમંન ધનથી ચાહીએ. બે૦ ૫
જનમો જનમ ગુણ ગાઇએ. બે૦ ૬
માંગીએ ઇશપાશ એવુ. બે૦ ૭
દરશણ તમારૂ દેવુ. બે૦ ૮
જુલમ થયો આંઇ ભારી. બે૦ ૯
કુતડા પડયા ઘર ફોડી. બે૦ ૧૦
ઘેરના બાડકોને ઘેર્યા. બે૦ ૧૧
રાજાએ કુતડા હેર્યા. બે૦ ૧૨
સુખ મલિધા તેણે બાળ્યા. બે૦ ૧૩
પછે પ્રજાથી બાધ્યા. બે૦ ૧૪
કેટલાક જનને કરડયા. બે૦ ૧૫
કેકોના આબરૂ બડયા. બે૦ ૧૬
ધુમધામ લાંચો બાય. બે૦ ૧૭
જોતા જુલમ બઉ થાયરે. બે૦ ૧૮

ગરબી.

શુણુ વાસલડી વેરણ થૈ લાગીછે વ્રજની નારને (એ રાગ)

વશવાયાલોક વઢતા વાદ કરોતો વાતન કીજીયે.
અભીમાન તજી વેગે વેરાજીને ગોડા દીજીએ.

તમો વાદ તજોની વણશારો,
હજી વાતનુ એક નથી આરો;
તમો બારપડ્યા ધીરજ ધારો, વશવાયાલોક. ૧.

હવે દાવ પડ્યો છે તમહાથે,
ફરતી આવિ પોતા માથે;
શહુ શંપકરિ મિલજો સાથે. વસવાયાલોક. ૨.

તમો શરવનો જો શારે ધારો,
યવનોને પુર બારે કહાડો;
થશે દેશ શુધારો બહુ સારો, વસવાયાલોક. ૩.

શહુ કાલતણે મોડે આવ્યા,
તમપરતે લાગબહુ ફાવ્યા;
તમને લુટી બંધાવી બહુમાયા. વસવાયાલોક. ૪.

વિશવાશ કરેજો વેરીનો.
જુરમાંપ અથાણો કેરીનો,
જેથી જાન જશે તમ સરીનો. વશવાયાલોક. ૫.

છે। પ્રેમલીઆ પંખીજેવા,
નથી જ્ઞાનતણો લેવા દેવા;
રખેબીજાતા બારે રેવા, વશવાયાલોક. ૬.

અમે ઉભા જોવાંશિહાડા,
કરમાં કલમોના કોઆડા;
તેથી કાપસું શંકટના વાડા. વશવાયાલોક. ૭.

સરજનાર ધણી લેશુ શાથે,
શતશેન શજી પડસું માથે,
નિજ દેશ કરીલેશું હાથે. વશવાયાલોક.

૫૯

વાઆ લોકો વિપ્રો શાથે પાડયો વાંદો. (એ રાગ.)

વાણીઆણી જાયા, પાછો ન ફેરતા વાંસો,
આગલ છે દોરી ફાંસો. ટેક.

જઇ પ્રેમલી આડા પાશમાં,
મળતાં માન દિલથી;
અન ધન આબરૂ તમામ ખોશો,
દારૂણ દુખીઆ થાશો. વા૦ ૧.

નથી ન્યાયનુ નામ નગરમાં,
નથી શતનો વાશો;
ન્યાયદીશ નાણુંના ભુખ્યા,
એવો અજબ તમાશો. વા૦ ૨.

ચોવટીઆ ચોરોના ચોરો,
વકીલ વણ અભ્યાશી;
કુટણુ કરૂડા કારૂભારીઓ,
તેથી પંઢ પીડાશો. વા૦ ૩.

હાલ અંગપર હકીકત હુમલા,
ધકા ધમકી શાશો;
તેથી પીડા તમોને પામો
છેવટ શુખીઆ થાશો. વા૦ ૪.

રાએ રઅતપર રેમ કરીને,
આપે અદલ ખુલાશો;
દર દેશિના ન્યાય તખતપર,
પરદેશી પધરાશો. વા૦ ૫.

જુઓ જરજ માનકરો જેવા,
ધુણી બેહારીઆ થાશો;
દેશ હેત અંનશાફ માગવા,
એક શંપ થઇ જાશો. વા૦ ૬.

કરે કાયદા કોરત નાતો,
ને ન્યારા મતમાંથી;
ન્યારા ન્યારા જોઈ કાયદા,
ખડખડ આવે હાંશી. વા૦ ૭.
નથી સાયનો વાંક રંચતો,
નથી રાજમાં ગાશી;
નથી શાન્તિ સેલન્ગાહે,
થાશે મનત ખાશી. વા૦ ૮.

લાવણી.

ચલો ચલો શું વાર લગાડો ? જો નિદર રણમાં. (એ રાગ.)

જાઓ તજો સહુ પિર વંતનને, વશિએ જઈ વનમાં,
થઈ વસ્તી વેરાણ વશિયા, તેર જનો જનમાં;
મગાવી ઘોડા ઉંટ ગાડ[illegible] ગર તેમા લાડી,
કરો ઉચાપત ભાઈ, [illegible]ને નથકારી છાંડો.
સહુ તજો દેશની આ[illegible], વિદેશી, કરો દેશિવાશી,
કર પડો હીમતે બહાર પડી, સહુ જન સુખીઆ થાશો;

જુલ.

ઇનસાફનુ ખાતુ આંધ દેશના જેમા,
પર પહંશા ઉપર ધંધ અદાલત એમાં;
શકુ ફુરણ કરડા કારભારીઓ એમાં,
નર ધનની મોટી વાત ખરેખર તેમાં.
એવા દેશમાં કેમ રહાશે, કરો કયાસ મનમાં.
થઈ વસ્તિ વેરાન વસિગ્યો જેર જનો જનમાં. ૧.
નિજ દેશતણુ, ઈનશાફ કાયદે, નઈ કેને આપે,
પર દેશતણું કંકાશ લઈ, નિજ દેશ વિષે થાપે;
લે શમજણ વણ લાંચ ગરદનો, રંકરૈશી કાપ
કરે અદમ અન્યાય [illegible]વથી, ડરે નહીં પાપે.

જુલ.

દુર દેશનો દાવો એકલ તારથી કાપે,
વહીવટ કરનારા વિના [illegible]ળા આપે;
બાહિરા પર દાવો જો [illegible]લમથી થાપે.
કોઈ શુણેન શાચી વાત, [illegible]ંચને પાપે.
એવા ધંધ નિજ અરથે રોપી કરે કલેશ જનમાં.
થઈ વસ્તી વેરાન વસિગ્યો જેર જનો જનમાં. ૨.

ચાર શહસ્ત્ર જોજન પર, વઇવિટ શું શું ચાલ્યો છે,
તે બઇરાને પુછવા તેડાવે, બશે લાંચીઓ જે;
જયા નઇ બઇરાનુ, નામ કદાપી, નઇ બઇરા જાતી,
ત્યાંનો આરોપ બઇરીપર રોપે, જુઓ જુલમ પાતી.

જુલ.

ઝરકટનો દાવો એકલ તરફી છાણે,
પ્રતી વાદીન વાદીપાસ ગરજ નઇ આણે;
નઇ શમદ પુગવા કામ નેમ જરટ તાણે,
એ શહુ ગરજાદા ગઇ રોકટે નાણે.
એવા શંકટો રોજ શોશતાં મરશું જોબનમાં,
થઇ વસ્તી વેરાન વશિગ્યો જેર જનો જનમાં. ૯
એ જુઓ જનુની રીત નરથો કરે અધમ આણી,
કાડે પોતાનો કામ દેશની કરે ધુલ ધાણી.
પ્રજા શહુ પચિ પચિ પીડ થાય જુદ નઇ રાય ફેરી વાશે,
રમી રઓ કોરીમા કારભાર શુ દેશી શહુ દુખીઆ થાશે.

ઝુલણ.

માટે શહુ શજ્જન શંપ કરી રહો ભાઈ,
શહુમળી હિંમતે બહાર પડો જટઘાઈ.
નગરીમા અતી અંધેર ગણી ઠગ પાઈ,
શહુ કદર વગરનાં કાર ભારિ કાચાઈ;
એવી આપદા રોજ શહ્યાથી, શુખ વશવું વનમાં.
થઈ વસ્તી વેરાન વશીગયો ઝેર જનો જનમાં. ૪.



ગરબી.

સારૂં સારૂં રે સૂરત શેહેર મુંબઈ અલબેલી—એ રાગ.

પામી પામીરે પીડા પૂર નગરી નરમાળી,
ત્રાહિ ત્રાહિ કરે થઈ ચૂર જુલમ જુલમ ભાળી. ૧.
જુલુમ ભાળી હાથ અફાળી રડતી રૈયત ન્યાળી રે,
જુલમ જુલમનો મેઘ વરસિયો વસ્તી થઈ સહુ ખાલી. નગરી૦ ૨
લૂટી પ્રજા લાલચૂ થઈને, મંત્રીની મતિ મારીરે,
કારભારી કાળા મુખવાળા, રાખ્યા જુલામ જુગારી નગરી૦ ૩.

મૂરખ મંત્રી મંદ મતિનો, ધુંધી સહુ દરબારી રે,
જાણે નહી રાજની રીતી, ઉરે અનીતી ધારી. નગરી૰ ૪

દીસે કસાઇ જેવા સઘલા, કારભારી કંકાશીરે,
દંડે દેશ કલેશ કરીને, દેઈ ગલામાં ફાંશી. નગરી૰ ૫

હાહાકાર કરે જન હઇડે, મુકે મુખથી પોકરે.
આપ દેહ સંતાપ થકી બહુ શોક કરે સહુ, લોક. નગરી૰ ૬

અતિ અંધેર અધમ થયો જયાં, હડ હડતો અન્યાયરે.
ઘાલે દાડે ધાડ પડે ત્યાં, દેખી કેમ ખમાય. નગરી૰ ૭

પ્રજા કરે પોકાર પિડાઇ, સુણે નહીં દરબાર રે,
રંક બીચારી રૈયતને જ્યાં, સપડાવે સરદાર. નગરી૰ ૮

કઇક કુટંબો દેશ તજીને, નાઠા તજી ઘરબાર રે,
કઇજન દંડ દેઇને બચિયા, વર્ત્યો હાહા કાર. નગરી૰ ૯

જુલમ કરીને બહુ જુલમીએ, કીધી અધિક ખરાબી રે,
રાજ પતી થઇને રોલ્યા જન દેશ દિધો સહુ દાબી. નગરી૰ ૧૦

કારભારી જઇ સિપાઈ સાથે, નિર્ભય થઇને સર્વે રે,
ફેરાફેર ઘુમતા ફરતા ગવીલા કરિ ગર્વ. નગરી૰ ૧૧

દયા વિનાના દુષ્ટ હરામી દુભે દુખીઆ જંન રે,
જનને દંડ દ્વેશ દિલમાં કરે લૂટે તન મન ધન. નગરી૦ ૧૨
આણે નહિ તે અંત જુલમનો સુણે નહી સરકાર રે.
ભાણથકી બેહાલ થઇને પ્રજા કરે પોકાર. નગરી૦ ૧૩



રોળાવરત.

પ્રૌઢ તેજ પરતાપ, અટલ શિર છત્ર ધારી;
સુઘડ શિઆણા શૂરા છંદ સુણજો સુખકારી. ૧.
નથી રાખતી દ્વેશ, રાજથી પ્રજા તમારી;
સદા અભાગી દુષ્ટ, તજ્ર સંભાળ અમારી. ૨.
જોઇ અમારી રીત, અહીં લગિ આપ પધારી.
કરી અધિક ઠકુરાઇ, અખ્બર આપી ભારી. ૩.
અતિ શ્રમ લીધો અમે, અમારી ફરજ વિચારી;
દેશ હેત અભિમાન, ધરી શુભ ટેક વધારી. ૪.
નથી અશલનો વેર, નથી કંઇ ટંટો ચાડી;
નથી વિચારો દુષ્ટ, નથી બુદ્ધી વણસારી; ૫.

અદ્‌ભુત અસલી રીત, મેં ઠ શુભ મોટા વાળી;
યથા મતિ અનુસાર, બનીતે કહું વીસ્તારી. ૬.
કરી દેશપતિ જવા, આગમોટે તૈયારી;
બેઠા મ્યાને આપ, ચડી ચમકી અસ્વારી. ૭.
શોભીતા સિરદાર, શૂર સૌ શસ્ત્ર સહારી;
અલબેલા અસ્વાર; વીર રણ ધીરજ ધારી. ૮.
ચક ચકતાં હથીઆર, ઝળ ઝળે જયોતી અપારી;
ઢળકે ઢાલ તરવાર, વાંકડી કમર કટારી. ૯.
હેમ જમૈયા સાથ, પેટમાં પોળી પાળી;
બરછી બાવન ફુટ, થવા મણ ભાથા ભારી. ૧૦.
પાર વિના પલટણો, પાયદલ ગણતી ન્યારી,
અસંખ્યાત અતિ સૈન્ય, ન્ની મતિ કથતા હારી. ૧૧.
સોના સરખા સાજ, કેસરી કસબ કિનારી;
જોતાં મન હરખાય, રાજ નીતી સુખકારી. ૧૨.
ઉન્મત અગણિત અશ્વ, અતી ઓપે અસ્વારી;
ગજ પતની પર ભવન, ધરી ઝીણી અંબાડી. ૧૩.

શો સોનાના સાજ, કોતલો સરસ શૃંગારી;
શોભીતા સુખ પાલ, પારવણુ રથને ગાડી. ૧૪.

નભ ગાજ્યો ધનઘોર, પડી ડંકા પર ડાંડી.
ડગ ડગીયા દિગપાળ, ધંમ્ધગી ભૂનીધારી. ૧૫.

જુએ જગતના લોક, ચઢિને બારિ અટારી;
જોતાં કૌતક થાય, અતીસેં અચંરજ કારી; ૧૬.

સુકકે સુકકે બાળ્યા, છોકરા તાળી પાડી;
પૂછેતે મહિપતી, મિયાને મોઢું કાડી. ૧૭.

શું બોલેછે બ્હાર; બાલકો આમ પુકારી;
સુણી જુકિતની વાત, તર્ત ફેરી અસ્વારી. ૧૮.

ગયા નાઠી તે ઠામ, સેન સહુ પાછી વાળી;
એજ મરમની રીત, રૂદેમાં રાખો ધારી. ૧૯.

પોટે સમઝી જાય, બધૂં તેની બલિહારી;
ઘણે કએ શું થાએ, જુઓની વાત વિચારી. ૨૦.

કેવલ કુડા કારભારીઓ) કટિલ જુગારી;
નૂણ હરામી ચોર, દુષ્ટ પાપી વ્યભીચારી. ૨૧.

અરરર રરશો જુલંમ, કરે જુલમીગા જાળી;
રડે આપતે રાસ, પ્રજા શે હાય પુકારી. ૨૨.

પડી પૂર્વની ટેવ, જુલમની નિપટ અનાડી;
સુમજોછો સરદાર, ટલે નહી તમથી ટાળી. ૨૩.

કોરીમાં કારભાર, નથી નિર્ધનની બારી;
અર્થ સરેતો ઝટ, ગર્દનો નાખે મારી. ૨૪.

દેશ તણા ઇન્સાફ, કરે નહિ હક્ક સંભારી;
દૂર દેશના નામ, લઇ પેરાવે પાળી. ૨૫.

અધમ અનાડી રીત, નથી એવી સરકારી,
નિજ અર્થે પૈસા, મેળવવા કાંશી ઢારી. ૨૬.

ડુબ્યો દેશ અન્યાય, વાતમાં વિખછે ભારી;
દૂર દેશના ન્યાય, નિવેડે અભણ અનાડી. ૨૭.


નહિ વાદી પ્રતિવાદિ, પાસ વાદીની નારી;
કુટિલ કરરે કરી, તર્ત તેનાથી યારી. ૨૮.

પામી પૈસા પુર, સંબંધ કરે વ્યભિચારી;
પ્રતિવાદી પરદેશ, ચલાવે તેની નારી. ૨૯.

સહસ્ત્ર જોજનની વાત, જાય નહિ જ્યાં કો નારી;
ત્યાંનો દાવો ધરી, ફસલાવે અતિ પરણારી. ૩૦

નોતી તે નિર્લજ, કઇ નહિ તેહ બિચારી;
કુટિલ કસાઇ ન્યાય, નિવેડ્યો એકલ પારી. ૩૧.

પ્યાદાને અસ્વાર, મોગલો અતિ દુખકારી;
ફરી જમેથી ચાંપ, દેશ અંતરમાં ધારી. ૩૨.
અધમ અનીતી તણી, વાત નઈ જાય વિસ્તારી;
સુણો નાણી સરદાર, રચંયત સહુ રડે બિચારી. ૩૩.
ખૂબ તરકટો કર્યાં, હામ હૈયાની હારી;
દેવ થકી નહિ ડર્યાં, ધરમને તજ્યો વિસારી. ૩૪.
દોડી પડીને હાથ, સૌ સૌ ફાંફાં મારી;
રામે રાખી લાજ, થઈ મુંબઈ માંમારી. ૩૫.



કડવું ૪૪ મું રાગ પરજ.

ઓખા કરેછે શાદ હઠીલા રાણાજી. (એ રાગ.)

અમે અતીરે અનાથ કંગાલ. હઠીલા રાણાજી.
પૂરા કીધા અમારા હાલ. હઠીલા. ૧.

અમે કેને કહીએ જઈ આજ. હઠીલા૦
થઈ પોતાના દેશની લાજ. હઠીલા૦ ૨.
તમેછો શાણા શરદાર. હઠીલા૦
નથી વાંક તમારો લગાર. હઠીલા૦ ૩.
નથી અંતર માય અનીત. હઠીલા૦
નથી નીતીથી ઉલટી રીત. હઠીલા૦ ૪.
કેવલ કારભારિઓની કાંણ. હઠીલા૦
વારી નાખ્યો શુદ્ધનો ગાણ. હઠીલા૦ ૫.
નઈ રાખે જરા દરકાર. હઠીલા૦
લુટે ચોવટા હાટ બજાર. હઠીલા૦ ૬.
અતી ન્યાયને બાને અન્યાય. હઠીલા૦
કરી રોકડા નાણાં ખાય. હઠીલા૦ ૭.
જાણે રાજા વગરની રઈત. હઠીલા૦
એવું જાણીને લુંટે દઇત. હઠીલા૦ ૮.
રાખે રાજની રંચ ન કાંની. હઠીલા૦
શકુ વાત કરે મન માની. હઠીલા૦ ૯.

રૂઓ કેવલ કોરીનો કામ. હડીલા૦
નથી ન્યાયમાં શતનો નામ. હડીલા૦ ૧૦.
અંમે દેશને અરથે કરીએ. હડીલા૦
કુડા કારભારીઓથી ડરીએ. હડીલા૦ ૧૧.
અમો એવાથી કેમ ઉગરીએ. હડીલા૦
શાન દોડો માથો કુટી મરીએ. હડીલા૦ ૧૨.
પ્રજા શરવ દુખે થઇ ખાલી. હડીલા૦
અરજી શરવની શાયબે બાલી. હડીલા૦ ૧૩.
તમને રંચ નથી દરકાર. હડીલા૦
તેથી નીકરસે નઇ શાર. હડીલા૦ ૧૪.
તમો શારો પ્રજાનોજો ધારો. હડીલા૦
પેહેલા કાયદા પુરા શુધારો. હડીલા૦ ૧૫.
નથી કાયદે કર્જીની બારી. હડીલા૦
તેથી રંક પ્રજાની ખોહારી. હડીલા૦ ૧૬.
એવો વાતનો કાઢજો શાર. હડીલા૦

ફરી ધારજો દીરગ વીચાર. હઠીલા૦ ૧૭.
તમને જાજો કહેશું થાય. હઠીલા૦
ટાલો ભરમ પોતાનો જાય. હઠીલા૦ ૧૮
પ્રજા શેરની શરવ પીડાએ. હઠીલા૦
પોકે પોકે પુકારે હાએ, હઠીલા૦ ૧૯.
બીધા વાણીએ વહાણો બંદ. હઠીલા૦
નથી દેસમાં કોડીનો ધંધ. હઠીલા૦ ૨૦.
તમે શાંભળતા નથી વાત. હઠીલા૦
ધોળે દહાડે પડી ગઈ રાત. હઠીલા૦ ૨૧.



રાગ કાફી.

કછી ભાષાની કવીતા.


વાલો ગોશલપીર બેનીરે અમને વાલો ગોશલપીર (એ રાગ નીચે)
દેશડાનિ દોરાઈવ્યો દેશોત આંજો દેશડાનિ દોરાઈવ્યો.
જુલમી જાલમજો પગાયો, બાવારે આંજો દેસડાનિ ટેક.

જુલમ નગરથી જાલમ આવ્યો. ઉદીમાં હળહળ થ્યો;
અવધિ અશાંતે ગજબ ગુજારે, * જોરાણુ થીયો. બા૦
અંન ધંન માલ અશાંજા લુંટ્યાં, લાજ લુંટણ તે થ્યો.
બજારે બજારમાં બોજીઆણીન્યો,*જુલમિ ઘાણી આયો. બા૦
દનમાળ ખાતો અજબ અંધારો, કમ કોરીદફ્તો જરેચ્યો.
કુંટણ કરડા કુલ કારભારી, *ધાર્યો તનિજો નિચ્યો. બા૦ ૩.
લખુ હજારં લાંચુ ગનિએ, કરી હકજ઼ો બ્યો.
ધોરી ધુકારે ધાડ વિજેપ્યા, *બાવોનિ ન્યારે પ્યો. બા૦ ૪
દુખ દરીએ ડુબ્યો દેશોરે, ઘાણ ગરિબે બ્યો,
જુલમ ગુજારે જાલમો, *બાવોચે મુક્યો. બા૦ ૫.
ધરાધણીકે ધોરી ધુકારે, મોઅડી માજન રયો.
બાવો બોલ્યા બડ બંદી હતા, થાનાર થ્યો શે રયો. બા૦ ૬.

---

* જેને જગોપર આવી ટાંપ મુકેલીછે તેતે ઠેકાણુ ગટની રીતે (અલા) એવો શબ્દ બોલ્યાથી શારો ઢાળ બેશશે. પાછળ ફટાંપ નાખેલી નથી માટે સુધારીને વાંચવું.

જુલમ કરેજે જાલમુરે, એટા કદેકેન કયે;
મોતી મિંદર માયલા તેજો, હાર હમેલી રયો. બા૦ ૭.
જેનો અશાંતે વારસોરે, શિપણુ પતરી વ્યો;
ભલો ભમાઓ ભાટીઓ, જદાં હુકમ હજુરી નયો. બા૦ ૮.



રાગ કાફી.

ઢાલ ઊપર પરમાણે.

દેશડેકે સામી ન્યાર બાવારે પાંજે દેશડેકે શાગો ન્યાર.
પંઢજી ખાગી પ્રજા કેમ માર. બાવારે પાંજે.
જુંભી જુંભી જન થાકીઆરે, કઢયોન કોદીઅ માર;
શુણો નથા શચી શેરજી આજે, આળશ જોનાફ પાર. બા૦ ૧.
જુલંમ જનુની જામીઓરે, જામ્યો રાજદુવાર.
ચોર વઢા મોતિ સુંગે તેજે મુલજો નાય સુમાર. બા૦ ૨.
પીઓ વેરાયા વાંણીઆરે. ફુટી કુટી રયા ઢાર;
પચી પચી પીડા થેઆતેજે, પીડા જોનાય પાર. બા૦ ૩.

હર્યો નિતીજા શંકુટોરે, ક્યોં પ્રભાતે પ્યાર;

શર વસાગ્યો શહાશથી, કઢો કાર ભારી એકે બાર. બા૦ ૪.

શર દીશા શર કારજારે, વર્તે જેજેકાર;

તેલ વિગર દિવડા બરેજાદા, પાણીણા પુરે વેહાર. બા૦ ૫.

મુછો પ્રભુજી પેરણારે, વક્રમ પ્રક્રમ ન્યાર;

ગયો તંગીજા દાખલા આંજો, શુકૂળ કર્યો શંશાર. બા૦ ૬.

સુણો નથાક શાર્યો નથારે, અશીન સમજો શાર;

કુરો વીચાર્યો કાલજે આજો, જાયર આંણ્યો વિચાર. બા૦ ૭.

બડન બધઉ અશી બાવલારે, મુડે મુડે કરિયુ મનુહાર;

પુછો અશાંકે પ્રેમથી આંકે, શારો જણાયું વિચાર. બા૦ ૮.

ઓાતા અજે અરથ કેરે, મુડેમ દીજા માર;

કુરજ વજાગ્યો પાંણુજીકઢો, ગાલજો અમુલ શાર. બા૦ ૯.

